सत्यमेव जयते

**Received on** **17-07-2025**
**Registered on** **17-07-2025**
**Decided on/-** **23-04-2026**
**Duration-**

વર્ષ–૦૦ માસ–૦૯ દિવસ–૦૬

## મે. જંબુસરના એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. જંબુસર

**ફોજદારી કેસ નં. ૧૦૨૬/૨૦૨૫**
**આંક– ૩૩**

**હરેશભાઈ ચંદુભાઈ પટેલ,** ઉ. વ. પુખ્ત, ધંધો – ખેતી,

રહે. મુ. નોબાર, પટેલ ખડકી,

તા. જંબુસર, જિ. ભરૂચ. ......**ફરીયાદી**

**વિરૂધ્ધ**

૧. **સ્વસ્તિક ઈન્ફ્રાસ્ટ્રકચર એ નામની ભાગીદારી પેઢીના વહીવટકર્તા ધર્મેન્દ્રભાઈ ચીમનભાઈ પટેલ,**

૨. **ધર્મેન્દ્રભાઈ ચીમનભાઈ પટેલ,**

ઉ.વ. ૪૯,

રહે. એ–૨૨, અંબિકા સોસાયટી,

ટેલિફોન એક્ષેન્જની પાસે,

મુ.પો. તા. પાદરા, જિ. વડોદરા. ...... **આરોપી**

બાબત:– ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની ફરીયાદ

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

ફરીયાદપક્ષે : વિ.વ.શ્રી એમ.આર.પટેલ
આરોપી તરફે : વિ.વ.શ્રી જે.પી.દેસાઈ

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

## ::- ચુ કા દો -::

(૧) ફરીયાદીની ફરીયાદ હકિકત ટૂંકમાં એવી છે કે, ફરીયાદી મોજે ગામ નોબાર, તા. જંબુસર, જિ. ભરૂચ મુકામે તેમના કુટુંબનુ જીવન ગુજરાન ચલાવે છે. આરોપી નં. ૧ પાર્ટનરશીપ એકટ હેઠળ નોંધાયેલ રજિસ્ટર્ડ ભાગીદારી પેઢી છે, આરોપી નં. ૨ આરોપી નં. ૧ રજિસ્ટર્ડ ભાગીદારી પેઢીના વહીવટકર્તા ભાગીદાર છે, આરોપી નં. ૧ નો રોજબરોજનો વહિવટ આરોપી નં. ૨ કરે છે. આરોપી નં. ૧ તથા આરોપી નં. ૨ ના મિત્ર બિરેન કે પટેલ કે જેઓ ફરીયાદીના અંગત મિત્ર છે. બિરેનભાઈના કહેવાથી આરોપી નં. ૧ પેઢીને નાણાંકીય જરૂરીયાત હોવાથી ફરીયાદીએ નવેમ્બર ૨૦૨૪ માં રૂા. ૧૦,૦૦,૦૦૦/- બિરેનભાઈની હાજરીમાં આરોપી નં. ૨ ને હાથ ઉછીના રોકડા આપેલા. આરોપી નં. ૨ નાએ રોકડા સ્વીકારેલા રૂા. ૧૦,૦૦,૦૦૦/- ફરીયાદીને પરત કરવા આરોપી નં. ૧ પેઢીના નામે એચ.ડી.એફ.સી. બેંક, દરબાર ચોકડી, માંજલપુર શાખા, વડોદરામાં આવેલ ખાતા નં. ૫૦૨૦૦૦૫૬૫૫૧૮૯૨ નો ચેક નં. ૦૦૦૪૩૦, રૂા. ૧૦,૦૦,૦૦૦/- રકમનો તા. ૧/૫/૨૦૨૫ ના રોજનો આરોપી નં. ૨ નાએ સહી કરેલો ફરીયાદીને આરોપીએ તેમની માંજલપુર, વડોદરા ખાતે ચાલતી રાધે હાઈટસ સાઈટની ઓફીસ બોલાવીને તા. ૨૫/૦૧/૨૦૨૫ ના રોજ બિરેનભાઈની હાજરીમાં આપેલો અને પાકતી મુદતે ચેક બેંકમાં ભરવા માટે કહેલુ, તે દિવસે ચેકના નાણાં ભરપાઈ થઈ થાય તેટલા નાણાં સદર ચેકવાળા બેંક ખાતામાં જમા રાખીશુ તેવી ખાત્રી અને ભરોસો આરોપી નં. ૨ નાએ ફરીયાદીને આપેલો. ફરીયાદીએ સદર ચેક તેમના આઈ.સી.આઈ.સી.આઈ. બેંક, જંબુસર શાખામાં આવેલા બેંક ખાતામાં તા. ૧/૫/૨૦૨૫ ના રોજ જમા કરાવતા ચેક સ્વીકારાયા વગર '' એકાઉન્ટ બ્લોક સિચ્યુએશન કવર્ડ ઈન ૨૧૨૫ '' ના કારણોસર રીટર્ન મેમા સાથે પરત આવેલ છે તે મુજબના શેરાવાળો ફરીયાદીની બેંકનો તા. ૩/૫/૨૦૨૫ ના રોજ ચેક રીટર્ન મેમો ફરીયાદીને તા. ૫/૫/૨૦૨૫ ના રોજ બેંક દ્વારા મળેલ. જેથી ફરીયાદીએ આરોપીને તા. ૧-૨/૬/૨૫ ના રોજ

તેમની પોતાની સહીથી નોટીસ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુ. એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબ ચેકના નાણાં ચુકવી આપવા સબંધે રજિસ્ટર્ડ પોસ્ટ એડી મારફતે તા. ૨/૬/૨૦૨૫ ના રોજ નોટીસ આપેલ. આ નોટીસ આરોપીને તા. ૬/૬/૨૦૨૫ ના રોજ મળી ગયેલ છે. જે નોટીસનો આરોપીએ ફરીયાદીને ઉડાઉ હકીકતો દર્શાવી જવાબ તથા વળતી નોટીસ આપેલ છે, પરંતુ નોટીસમાં જણાવ્યા મુજબ પાલન કરેલ નથી. સદર ચેકના નાણાંની રકમ આરોપીનું કાયદેસરનુ દેવુ છે અને ફરીયાદીનુ કાયદેસરનુ લેણુ છે, છતા આજદિન સુધી સદર ચેકના નાણાંની રકમ ફરીયાદીને ચુકવેલ નથી અને તેમ કરી આરોપીએ ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ હોય, જેથી ફરીયાદીએ હાલની ફરીયાદ દાખલ કરેલ છે. સબબ, આરોપીએ ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ નો ભંગ કરેલ હોય આરોપીને પકડી મંગાવી, ગુનાના ભંગ બદલ આરોપીને બે વર્ષની સખતમાં સખત સજા ફરમાવવા તથા ફરીયાદીને પરત આવેલ ચેકની બમણી રકમ વળતર પેટે આરોપી પાસેથી વસુલ અપાવવા અરજ ગુજારેલ છે.

(૨) ઉપર મુજબ ફરીયાદીની ફરીયાદ આરોપી સામે દાખલ કરવામાં આવતાં આરોપી સામે ધી નેગોશીયેબલ એકટ કલમ–૧૩૮ હેઠળ સમન્સ ઈસ્યુ કરવામાં આવેલો. જે મુજબ આરોપીને સમન્સ બજી જતાં આરોપી હાજર થતાં **આંક–૦૭** થી આરોપીની પ્લી લેવામાં આવેલ જેમાં આરોપીએ ગુનો કબુલ હોવાનો ઈન્કાર કરતાં હાલનો કેસ ગુણદોષ પર આગળ ચલાવવામાં આવેલો.

(૩) હાલના કામે ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**ફરીયાદી તરફે રજુ મૌખિક પુરાવા:–**

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | ફરીયાદી હરેશભાઈ ચંદુભાઈ પટેલનાઓનું પુરાવાનું સોગંદનામું | ૦૪ |

## -: ફરીયાદી તરફે રજુ દસ્તાવેજી પુરાવા :-

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | આરોપીએ આપેલ ચેક અસલ નં. ૦૦૦૪૩૦ | ૦૮ |
| ૨. | ચેક રીટર્ન મેમો | ૦૯ |
| ૩. | આરોપીને મોકલેલ નોટીસની સ્થળપ્રત | ૧૦ |
| ૪. | નોટીસ મોકલ્યા અંગેની પોસ્ટ ખાતાની સફેદ પાવતી નંગ-૨ | ૧૧ |
| ૫. | આરોપીએ નોટીસનો આપેલ ઉડાઉ જવાબ | ૧૨ |
| ૬ | નોટીસના જવાબનુ પરત ફરેલ કવર | ૧૩ |
| ૭ | બિરેનભાઈને આરોપીએ આપેલ ચેક નં. ૦૦૦૩૧૪ તથા રીટર્ન મેમાની ઝેરોક્ષ | ૧૪ |
| ૮ | બિરેનભાઈ અને આરોપી વચ્ચે થયેલા કરારોની ઝેરોક્ષ | ૧૫ |
| ૯ | આરોપીએ ફરીયાદીની નોટસ વિરૂધ્ધના જવાબમાં કરેલા આક્ષેપો મુજબ આરોપીએ કરેલ કરારોની ઝેરોક્ષ | ૧૬ |
| ૧૦ | આરોપી નં. ૧ ના નામે આવેલ પેઢીના નોંધણી અંગેના કાગળની ઝેરોક્ષ | ૧૭ |
| ૧૧ | મોજે નોબાર, તા.જંબુસર ,જિ. ભરૂચની સીમમાં ખાતા નં. ૮૬૮ થી આવેલ ખેતીની જમીનના ગામ નમુના નંબર ૮ અ ના ઉતારાની નકલ અસલ | ૧૮ |
| ૧૨ | મોજે નોબાર, તા. જંબુસર, જિ. ભરૂચની સીમમાં રેવન્યુ સર્વે/બ્લોક નં. ૧૨૮૨ થી આવેલ ખેતીની જમીનના ગામ નમુના નંબર ૭ ના ઉતારાની અસલ | ૧૯ |
| ૧૩ | મોજે નોબાર, તા. જંબુસર, જિ. ભરૂચની સીમમાં રેવન્યુ સર્વે/બ્લોક નં. ૨૮૭ થી આવેલ ખેતીની જમીનના ગામ નમુના નંબર ૭ ના ઉતારાની અસલ | ૨૦ |
| ૧૪ | મોજે નોબાર, તા. જંબુસર, જિ. ભરૂચની સીમમાં રેવન્યુ સર્વે/બ્લોક નં. ૩૭૦ થી આવેલ ખેતીની જમીનના ગામ નમુના નંબર ૭ ના ઉતારાની અસલ | ૨૧ |
| ૧૫ | મોજે નોબાર, તા. જંબુસર, જિ. ભરૂચની સીમમાં રેવન્યુ સર્વે/બ્લોક નં. ૫૫૪ થી આવેલ ખેતીની જમીનના ગામ નમુના નંબર ૭ ના ઉતારાની અસલ | ૨૨ |
| ૧૬ | આરોપી નં. ૧ ને નોટીસ તુર્તજ ભુલ સુધારણા નોટીસ આપેલ તેની સ્થળપ્રત અસલ તથા તે ઉપર રજિસ્ટર્ડ એડી. કર્યાની | ૨૩ |

| | | |
|---|---|---|
| | રસીદ અસલ | |
| ૧૭ | આરોપી નં. ૨ ને નોટીસ તુર્તજ ભુલ સુધારણા નોટીસ આપેલ તેની સ્થળપ્રત અસલ તથા તે ઉપર રજિસ્ટર્ડ એડી. કર્યાની રસીદ અસલ | ૨૪ |
| ૧૮ | આરોપી નં. ૧ ને નોટીસ રજિસ્ટર્ડ એડી. કર્યાની રસીદ નંબર EG427417706IN ની ઓનલાઈન ટ્રેકીંગ રીપોર્ટ અસલ | ૨૫ |
| ૧૯ | ફરીયાદીના ઓળખ અંગેના તેમના આધારકાર્ડની ઝેરોક્ષ ખરી નકલ | ૨૬ |

(૪) હાલનાં કામે દસ્તાવેજોને આંકે પડાવવા માટે ફરીયાદપક્ષે **આંક–૦૫** થી અરજી આપતાં આ કામે અત્રેની કોર્ટ ધ્વારા **આંક–૮ થી આંક–૨૬** આપવામાં આવેલ. ફરીયાદીનો પુરાવો રજુ થયા બાદ ફરીયાદીએ **આંક–૩૦** થી આ કામે કલોઝીંગ પુરસીસ આપેલ છે.

(૫) રેકર્ડ ધ્યાને લેતાં પ્લી વખતે આરોપી હાજર થયા બાદ આરોપી હાજર રહેલ નહી. વધુમાં ફરીયાદીએ **આંક–૦૪** થી ફરીયાદના સમર્થનમાં પુરાવાનું સોગંદનામું અગાઉ રજુ કરેલ હોવાથી સદર કામ ફરીયાદીની ઉલટતપાસ માટે રાખવામાં આવેલ. પરંતુ આરોપી હાજર ન રહેતા ફરીયાદપક્ષ તરફે આરોપીની ઉલટતપાસનો હકક બંધ કરવા અરજી આપતા આરોપીને ઉ.ત માટે પુરતી તક આપવા છતાં તથા ફરીયાદીના કેસની કાર્યવાહી આરોપીની ગેરહાજરીના કારણે વિલંબીત થતી હોવાથી ફરીયાદીની **આંક–૨૮** ની અરજી લગત આરોપી તરફેનો ફરીયાદીની ઉલટતપાસનો હકક બંધ કરવાનો હુકમ અત્રેની અદાલત ધ્વારા કરવામાં આવેલ. ત્યારબાદ ફરીયાદીએ **આંક–૩૦** થી કલોંઝીગ પુરસીસ રજુ કરતા સદર કામ આરોપીનું એફ.એસ. નોંધવા માટે રાખવામાં આવેલ, પરંતુ આરોપી ત્યારબાદ પણ હાજર ન રહેતા **આંક–૩૧** થી ફરીયાદપક્ષ તરફે આરોપીના વિશેષ નિવેદનનો હકક બંધ કરવા અરજી આપતા કેસની ટ્રાયલ આરોપીની ગેરહાજરીના કારણે વિલંબીત થતી હોવાના કારણે આરોપીના વિશેષ નિવેદનનાં હકક બંધની અરજી લગત હકક બંધ કરવાનો હુકમ તા. ૨૧/૦૧/૨૦૨૬ ના રોજ અત્રેની અદાલત ધ્વારા કરવામાં

આવેલ. ત્યારબાદ સદર કામ દલીલો માટે રાખતા ફરીયાદી તરફેની દલીલો સાંભળવામાં આવેલ. પરંતુ આરોપી હાજર ન રહેતા ફરીયાદનુ કામ આરોપીની ગેરહાજરીને કારણે વિલંબીત થતુ હોવાથી આરોપીની દલીલનો હકક તા. ૦૧/૦૪/૨૦૨૬ નાં રોજ બંધ કરી કામ હુકમ પર લેવામાં આવેલ.

આમ, આ કામે ફરીયાદીની સોગંદ પરની સરતપાસ તથા રજુ તમામ દસ્તાવેજી પુરાવાઓની નકલો ફરીયાદીએ આરોપી હાજર થયા ત્યારથી આપેલી હોવા છતાં તેઓ આ પુરાવાઓને પડકારવા કે તેનો ઈન્કાર કરવા માટે પ્લી રેકર્ડ થયા બાદ હાજર રહેલા નથી. ફરીયાદી ધ્વારા આરોપીના વિરુધ્ધમાં જે કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ છે, તે સિવાય વિશેષ કોઈ પુરાવો રજુ થયેલ નથી.

(૬) ત્યારબાદ આ કામ પક્ષકારોની દલીલો માટે રાખવામાં આવતા ફરીયાદપક્ષના વિ.વ.શ્રી ની મૌખીક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૭) આ કામે ફરીયાદીની ફરીયાદ હકિકત તથા તેઓએ રજુ કરેલા દસ્તાવેજી પુરાવાઓ તથા ફરીયાદપક્ષે કરવામાં આવેલી દલીલો ધ્યાને લેતાં સદર ફરીયાદના ન્યાય નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

<u>-:: મુદ્દા ::-</u>

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદીના મિત્ર બિરેનભાઈના કહેવાથી આરોપી નં. ૧ પેઢીને નાણાંકીય જરૂરીયાત હોવાથી ફરીયાદીએ નવેમ્બર ૨૦૨૪ માં રૂા. ૧૦,૦૦,૦૦૦/- બિરેનભાઈની હાજરીમાં આરોપી નં. ૨ ને હાથ ઉછીના રોકડા આપેલા, જે આરોપી નં. ૨ નાએ સ્વીકારેલા રૂા. ૧૦,૦૦,૦૦૦/- ફરીયાદીને પરત કરવા આરોપી નં. ૧ પેઢીના નામે એચ.ડી.એફ.સી. બેંક, દરબાર ચોકડી, માંજલપુર શાખા, વડોદરામાં આવેલ ખાતા નં. ૫૦૨૦૦૦૫૬૫૫૧૮૯૨ નો ચેક નં. ૦૦૦૪૩૦, રૂા. ૧૦,૦૦,૦૦૦/- રકમનો તા. ૧/૫/૨૦૨૫ ના રોજનો આરોપી નં. ૨ નાએ સહી કરેલો ફરીયાદીને આરોપીએ તેમની માંજલપુર, વડોદરા ખાતે ચાલતી

રાધે હાઈટસ સાઈટની ઓફીસ બોલાવીને તા. ૨૫/૦૧/૨૦૨૫ ના રોજ બિરેનભાઈની હાજરીમાં આપેલો અને ફરીયાદીએ સદર ચેક તેમના આઈ.સી.આઈ.સી.આઈ. બેંક, જંબુસર શાખામાં આવેલા પોતાના બેંક ખાતામાં તા. ૧/૫/૨૦૨૫ ના રોજ જમા કરાવતા સદર ચેક સ્વીકારાયા વગર '' એકાઉન્ટ બ્લોક સિચ્યુએશન કવર્ડ ઈન ૨૧૨૫ '' ના શેરા સહિત તે ચેક આંક–૦૯ વાળા રીટર્ન મેમાથી વગર સ્વીકારાયે પરત ફરેલ, જેથી ફરીયાદીએ આરોપીને સ્પીડ પોસ્ટથી આંક–૧૦ વાળી લીગલ નોટીસ મોકલેલી જે નોટીસ આરોપીને ધોરણસર મળી ગયેલ હોવા છતાં આરોપીએ નોટીસની મુદતમાં ચેકની રકમ ન ચુકવી આપી તેમજ નોટીસનો આંક–૧૨ વાળો ઉડાઉ જવાબ આપી, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ હેઠળનો સજાને પાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાનાં મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં

૨. આખરી હુકમ મુજબ

(૯) ઉપરના નિર્ણયો સુધી પહોંચવાનાં મારા કારણો નીચે મુજબ છે.

હવે આ કામે પડેલાં પુરાવાઓનું મુલ્યાંકન કરતાં પહેલાં ધી નેગોશીએબલ ઈન્સટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮(ક) તથા કલમ–૧૩૯ ના પ્રબંધો ધ્યાને લેવાં જરૂરી જણાય છે જે પ્રબંધો નીચે મુજબ છે.

**કલમ–૧૧૮. વટાઉખત વિશેમાંની લેવાની બાબત:**

એથી વિરુધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી નીચે પ્રમાણે માની લેવામાં આવશે.

(ક) દરેક વટાઉખત અવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું ને આવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યું હોય તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય તે વટાવવામાં આવ્યું હોય અથવા તબદિલ કરવામા આવ્યું હોય તે અવેજને માટે સ્વીકાર્યુ હતું. તેના ઉપર શેરો કરી આપ્યો હોય તે વટાવ્યું હતું અથવા તબદિલ કર્યુ હતું.

**કલમ–૧૩૯ ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાન:**

વિરુધ્ધની હકિકત સાબિત ન થાય ત્યાં સુધી એવું માનવામાં આવશે કે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૮ માં દર્શાવ્યા મુજબ કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પૂરેપૂરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજા મુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે.

**(૧૦)** હવે આ કામે પડેલા પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો હાલનો ફરીયાદીનો કેસ ધી નેગો.ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ હેઠળ દાખલ થયેલ છે. જેથી ફરીયાદપક્ષના શીરે પોતાનો કેસ સાબીત કરવાની જવાબદારી રહેલી છે. પરંતુ સાથે સાથે સદર કાયદામાં ફરીયાદપક્ષના લાભમાં કેટલાંક કાયદેસરનાં અનુમાનો કરવામાં આવેલ છે. જે અનુમાનોમાં ઉપર જણાવ્યા મુજબ કલમ–૧૧૮(એ) તથા કલમ–૧૩૯ ના અનુમાનો મુખ્યત્વે છે. સદર કાયદા મુજબના અનુમાનોનું ખંડન કરવાની જવાબદારી આરોપીના શીરે રહેલી છે. એ સ્વીકૃત બાબત છે કે, સદર કાયદામાં જણાવેલ અનુમાનોનું ખંડન કરવા આરોપી માટે એ જરૂરી નથી કે આરોપીએ પોતાના બચાવ અંગેનો પુરાવો આપવા કોર્ટમાં હાજર થઈ સાક્ષી બોકસમાં ઉભા રહી પુરાવો રજુ કરવો જોઈએ. આ કાયદાકીય અનુમાનોનું ખંડન ફરીયાદપક્ષના રજુ થયેલાં પુરાવાઓ ઉપરથી પણ આરોપી કરી શકે છે.

હાલના કામે ફરીયાદપક્ષે સાહેદ નં. ૧ તરીકે ફરીયાદી નરેન્દ્રકુમાર વિનોદભાઈ પટેલની સોગંદ પરની સરતપાસ **આંક–૦૪** થી રજુ કરેલ છે. અને તેમાં

જણાવે છે કે, ફરીયાદી મોજે ગામ નોબાર, તા. જંબુસર, જિ. ભરૂચ મુકામે તેમના કુટુંબનુ જીવન ગુજરાન ચલાવે છે. આરોપી નં. ૧ પાર્ટનરશીપ એકટ હેઠળ નોંધાયેલ રજિસ્ટર્ડ ભાગીદારી પેઢી છે, આરોપી નં. ૨ આરોપી નં. ૧ રજિસ્ટર્ડ ભાગીદારી પેઢીના વહીવટકર્તા ભાગીદાર છે, આરોપીનં. ૧ નો રોજબરોજનો વહિવટ આરોપી નં. ૨ કરે છે. આરોપી નં. ૧ તથા આરોપી નં. ૨ ના મિત્ર બિરેન કે પટેલ કે જેઓ ફરીયાદીના અંગત મિત્ર છે. બિરેનભાઈના કહેવાથી આરોપી નં. ૧ પેઢીને નાણાંકીય જરૂરીયાત હોવાથી ફરીયાદીએ નવેમ્બર ૨૦૨૪ માં રૂા. ૧૦,૦૦,૦૦૦/- બિરેનભાઈની હાજરીમાં આરોપી નં. ૨ ને હાથ ઉછીના રોકડા આપેલા. આરોપી નં. ૨ નાએ રોકડા સ્વીકારેલા રૂા. ૧૦,૦૦,૦૦૦/- ફરીયાદીને પરત કરવા આરોપી નં. ૧ પેઢીના નામે એચ.ડી.એફ.સી. બેંક, દરબાર ચોકડી, માંજલપુર શાખા, વડોદરામાં આવેલ ખાતા નં. ૫૦૨૦૦૦૫૬૫૫૧૮૯૨ નો ચેક નં. ૦૦૦૪૩૦, રૂા. ૧૦,૦૦,૦૦૦/- રકમનો તા. ૧/૫/૨૦૨૫ ના રોજનો આરોપી નં. ૨ નાએ સહી કરેલો ફરીયાદીને આરોપીએ તેમની માંજલપુર, વડોદરા ખાતે ચાલતી રાધે હાઈટસ સાઈટની ઓફીસ બોલાવીને તા. ૨૫/૦૧/૨૦૨૫ ના રોજ બિરેનભાઈની હાજરીમાં આપેલો અને પાકતી મુદતે ચેક બેંકમાં ભરવા માટે કહેલુ, તે દિવસે ચેકના નાણાં ભરપાઈ થઈ થાય તેટલા નાણાં સદર ચેકવાળા બેંક ખાતામાં જમા રાખીશુ તેવી ખાત્રી અને ભરોસો આરોપી નં. ૨ નાએ ફરીયાદીને આપેલો. ફરીયાદીએ સદર ચેક તેમના આઈ.સી.આઈ.સી.આઈ. બેંક, જંબુસર શાખામાં આવેલા બેંક ખાતામાં તા. ૧/૫/૨૦૨૫ ના રોજ જમા કરાવતા ચેક સ્વીકારાયા વગર '' એકાઉન્ટ બ્લોક સિચ્યુએશન કવર્ડ ઈન ૨૧૨૫ '' ના કારણોસર રીટર્ન મેમા સાથે પરત આવેલ છે તે મુજબના શેરાવાળો ફરીયાદીની બેંકનો તા. ૩/૫/૨૦૨૫ ના રોજ ચેક રીટર્ન મેમો ફરીયાદીને તા. ૫/૫/૨૦૨૫ ના રોજ બેંક ધ્વારા મળેલ. જેથી ફરીયાદીએ આરોપીને તા. ૧-૨/૬/૨૫ ના રોજ તેમની પોતાની સહીથી નોટીસ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુ. એકટ, ૧૮૮૧ ની

કલમ–૧૩૮ મુજબ ચેકના નાણાં ચુકવી આપવા સબંધે રજિસ્ટર્ડ પોસ્ટ એડી માઢ રફતે તા. ૨/૬/૨૦૨૫ ના રોજ નોટીસ આપેલ. આ નોટીસ આરોપીને તા. ૬/૬/૨૦૨૫ ના રોજ મળી ગયેલ છે. સદર ચેકના નાણાંની રકમ આરોપીનું કાયદેસરનુ દેવુ છે અને ફરીયાદીનુ કાયદેસરનુ લેણુ છે, છતા આજદિન સુધી સદર ચેકના નાણાંની રકમ ફરીયાદીને ચુકવેલ નથી અને તેમ કરી આરોપીએ ઘી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ હોય, જેથી ફરીયાદીએ હાલની ફરીયાદ દાખલ કરેલ છે. ફરીયાદીએ પોતાની ફરીયાદના સમર્થનમાં **આંક–૮ થી આંક–૨૬** સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. જેમાં **આંક–૦૮** થી તકરારી ચેક, **આંક–૯** થી રીટર્ન મેમો, **આંક–૧૦** થી નોટીસની સ્થળપ્રત, **આંક–૧૧** થી આરોપીને નોટીસ રજી.એડી. કર્યાની સફેદ પાવતી, **આંક–૧૨** થી આરોપીએ આપેલ નોટીસનો ઉડાઉ જવાબ, **આંક–૧૩ થી** નોટીસના જવાબનુ કવર, **આંક–૧૪ થી** બિરેનભાઈને આરોપીએ આપેલ ચેક નં. ૦૦૦૩૧૪ તથા રીટર્ન મેમાની ઝેરોક્ષ, **આંક–૧૫ થી** બિરેનભાઈ અને આરોપી વચ્ચે થયેલા કરારોની ઝેરોક્ષ, **આંક–૧૬ થી** આરોપીએ ફરીયાદીની નોટસ વિરૂધ્ધના જવાબમાં કરેલા આક્ષેપો મુજબ આરોપીએ કરેલ કરારોની ઝેરોક્ષ, **આંક–૧૭ થી** આરોપી નં. ૧ ના નામે આવેલ પેઢીના નોંધણી અંગેના કાગળની ઝેરોક્ષ, **આંક–૧૮ થી** મોજે નોબાર, તા.જંબુસર, જિ. ભરૂચની સીમમાં ખાતા નં. ૮૬૮ થી આવેલ ખેતીની જમીનના ગામ નમુના નંબર ૮ અ ના ઉતારાની નકલ અસલ, **આંક–૧૯ થી** મોજે નોબાર, તા. જંબુસર, જિ. ભરૂચની સીમમાં રેવન્યુ સર્વે/બ્લોક નં. ૧૨૮૨ થી આવેલ ખેતીની જમીનના ગામ નમુના નંબર ૭ ના ઉતારાની અસલ, **આંક–૨૦ થી** મોજે નોબાર, તા. જંબુસર, જિ. ભરૂચની સીમમાં રેવન્યુ સર્વે/બ્લોક નં. ૨૮૭ થી આવેલ ખેતીની જમીનના ગામ નમુના નંબર ૭ ના ઉતારાની અસલ, **આંક–૨૧ થી** મોજે નોબાર, તા. જંબુસર, જિ. ભરૂચની સીમમાં રેવન્યુ સર્વે/બ્લોક નં. ૩૭૦ થી આવેલ ખેતીની જમીનના ગામ નમુના નંબર ૭ ના ઉતારાની અસલ, **આંક–૨૨ થી** મોજે નોબાર, તા. જંબુસર, જિ.

ભરૂચની સીમમાં રેવન્યુ સર્વે/બ્લોક નં. ૫૫૪ થી આવેલ ખેતીની જમીનના ગામ નમુના નંબર ૭ ના ઉતારાની અસલ, **આંક–૨૩ થી** આરોપી નં. ૧ ને નોટીસ તુર્તજ ભુલ સુધારણા નોટીસ આપેલ તેની સ્થળપ્રત અસલ તથા તે ઉપર રજિસ્ટર્ડ એડી. કર્યાની રસીદ અસલ, **આંક–૨૪ થી** આરોપી નં. ૨ ને નોટીસ તુર્તજ ભુલ સુધારણા નોટીસ આપેલ તેની સ્થળપ્રત અસલ તથા તે ઉપર રજિસ્ટર્ડ એડી. કર્યાની રસીદ અસલ, **આંક–૨૫ થી** આરોપી નં. ૧ ને નોટીસ રજિસ્ટર્ડ એડી. કર્યાની રસીદ નંબર EG427417706IN ની ઓનલાઈન ટ્રેકીંગ રીપોર્ટ અસલ, **આંક–૨૬ થી** ફરીયાદીના ઓળખ અંગેના તેમના આધારકાર્ડની ઝેરોક્ષ ખરી નકલ વિગેરે દસ્તાવેજી પુરાવા ફરીયાદીએ પોતાની ફરીયાદ હકિકતના સમર્થનમાં રજુ કરેલા છે.

આ કામમાં ફરીયાદીએ રજુ કરેલ **આંક–૦૪** વાળા પુરાવાના સોગંદનામા સંદર્ભે આરોપી તરફે હાજર રહી કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી. વધુમાં આ કામે ફરીયાદીએ **આંક–૮ થી આંક–૨૬** સુધીના જે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે તે દસ્તાવેજી પુરાવાઓ સંદર્ભે પણ આરોપી તરફે કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી કે કોઈ રીતે પડકારવામાં આવેલ નથી. જેથી ફરીયાદીના રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાને ન માનવા કોઈ કારણ જણાતુ નથી. સદર કામે આરોપી હાજર થતાં આરોપીની **આંક–૦૭** થી પ્લી રેકર્ડ થયા બાદ આરોપી પોતાની સામેના સદર કેસમાં હાજર રહી પોતાનો કોઈ બચાવ પણ રજુ કરેલ નથી અને તે રીતે ફરીયાદીનાં રજુ પુરાવાને ઉલટતપાસ ધ્વારા કે અન્ય રીતે પડકારેલ ન હોવાથી આ કામે ફરીયાદીએ રજુ કરેલા પુરાવા પ્રથમદર્શને પુરવાર થયેલ હોવાનુ માનવામાં આવે છે. જેથી પણ ફરીયાદીએ પોતાના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી પોતાનો કેસ આરોપી વિરૂધ્ધ નિ:શંકપણે પુરવાર કરેલ હોવાનુ રેકર્ડ ઉપરનાં પુરાવાથી પ્રથમદર્શને જણાય છે.

(૧૧) વધુમાં જયારે એક વખત આરોપીને પોતાની સામે કેસ ચાલે છે તેની જાણ થાય ત્યારે અદાલત સમક્ષ હાજર રહેવાની આરોપીની ફરજ છે. આરોપી સામેના કેસમાં રજુ થયેલા પુરાવાનો ખુલાસો કરવા પુરતી તક આપેલ હોવા છતાં આરોપી હાજર રહેલ ન હોય, તેવા સંજોગોમાં આરોપી કેસની કાર્યવાહીમાંથી છટકવા અથવા જાણી જોઈને પોતે પોતાની સામેના કેસની કાર્યવાહીથી બચવા છુપાતો ફરતો હોય ત્યારે આરોપીની ગેરહાજરીમાં પણ કેસ ચાલી શકે છે તેમજ તે અંગે ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૩૫૩(૬)માં કરવામાં આવેલ જોગવાઈ મુજબ અદાલત આરોપીની ગેરહાજરીમાં ચુકાદો જાહેર કરી શકે છે. 'Be you ever so high, but the law is above you' , કાયદાથી પર કોઈ નથી. આરોપીને બચાવની તક આપવી જોઈએ અને આ જોગવાઈ તેને રક્ષણાત્મક જોગવાઈ તરીકે આપવામાં આવેલ છે. પરંતુ આરોપી ખાસ કરીને નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનામા તેનો હથીયાર તરીકે ઉપયોગ કરી કાયદાકીય પ્રક્રિયાને નિષ્ક્રીય અથવા તો શિથીલ બનાવવાનો પ્રયત્ન કરે ત્યારે તે સંદર્ભે નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા Sharad Jethalal Salva vs State of Gujarat Cr. Misc. App 19862 of 2015 Dt. 14/11/2016 માં નીચે મુજબ ઠરાવેલ છે.

Para 16 : "If a person accused of an offence and convicted as such avoids arrest and avoids imprisonment as sentenced by the criminal court. Such an incident only makes the justice delivery system insignificant and renders justice ineffective. Legal justice requires that an offender convicted of a crime must suffer the imprisonment as otherwise there would be social anarchy. People would contravene the law with impunity without any attending punishment for violating the law. The very foundations of democracy and rule of law would be shaken and that is the reason why the Courts strive to treat all persons before the criminal law as equal. Whether one is rich or poor, whether one is in powerful or powerless, the criminal law is equally applied to all equally.

Para 17 : "Be you ever so high, but the law is above you', is the signature theme of rule of law that loudly and silently (as well) echoes in the Indian Constitutional context. The purpose of the constitution itself is to equalize the men (and women) before the law. Equal protection of laws and equality before the law does not make any distinction between the Ruler and the ruled when it comes to enforcing the criminal sanctions. If a convict with money power as well as political power can avoid the punishment imposed by the highest Court of the State, the Court which imposed such punishment cannot be a mute spectator or dumb listener to be soothed by high caliber forensic oratory of the counsel at the altar of justice. The Court must and ought to take a serious view of such bizarre incidence: be it one in million. Of course, the law makers and law enforcers must willingly assist the Court in angling the convict avoiding and dodging the law makers, the law enforcers and the law interpreters ( Judges and Courts).

**(૧૨)** બી.એન.એસ.એસ.માં કરવામાં આવેલ જોગવાઈ વંચાણે લેતાં નીચે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે.

Section 392 Judgment

(7) No judgment delivered by any Criminal Court shall be deemed to be invalid by reason only of the absence of any party or his pleader on the day or from the place notified for the delivery there of, or of any omission to serve, or defect in serving, on the parties pleaders, or any of them, the notice of such day and place.

Section 458 Execution of sentence of imprisonment

(1) Where the accused is sentenced to imprisonment for life or to imprisonment for term in cases other than those provided for by section 453, the Court passing the sentence shall forthwith forward a warrant to the jail or other place in which he is, or is to be, confined, and, unless the

accused is already confined in such jail or other place, shall forward him to such jail or other place, with the warrant;

Provided that where the accused is sentenced to imprisonment till the rising of the Court, it shall not be necessary to prepare or forward a warrant to a jail, and the accused may be confined in such place as the Court may direct.

(2) Where the accused is not present in Court when he is sentenced to such imprisonment as is mentioned in subsection (1), the Court shall issue a warrant for his arrest for the purpose of forwarding him to the jail or other place in which he is to be confined; and in such case, the sentence shall commence on the date of his arrest.

(૧૩) ઉપર મુજબની તમામ હકિકતો ધ્યાને લેતાં આરોપી ધ્વારા હાજર રહી રેકર્ડ ઉપર રજુ થયેલ ફરીયાદીના કોઈ પણ પુરાવાઓને પડકારવામાં કે ઈન્કાર કરવામાં આવેલ નથી. જેથી આરોપી ધ્વારા કાયદાની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ અન્વયેના કાયદેસરના અનુમાનોનું ખંડન કરવામાં આવેલ ન હોવાનું પ્રથમદર્શનીય રીતે પુરવાર થયેલ છે. જયારે આરોપી કાયદાકીય અનુમાનોનું ખંડન કરવામાં નિષ્ફળ જાય ત્યારે ફરીયાદી ધ્વારા પોતાની ફરીયાદના સમર્થનમાં ફરીયાદવાળા વ્યવહાર અંગે રજુ થયેલા પુરાવાઓને ન માનવાને કોઈ કારણ જણાતું નથી. વધુમાં આરોપી આ કામે કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ ના કાયદાકીય અનુમાનોનું ખંડન કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું પ્રથમદર્શનીય રીતે ફલીત થાય છે. વધુમાં ફરીયાદીએ પોતાની ફરીયાદમાં જણાવ્યા મુજબ આરોપીને રૂા. ૧૦,૦૦,૦૦૦/– ઉછીનાં આપેલા તેની પરત ચુકવણી પેટે આરોપીએ રૂા. ૧૦,૦૦,૦૦૦/– નો ચેક આપેલો. સદર ફરીયાદવાળો તકરારી ચેક આપેલ અને તેના સમર્થનકારી પુરાવા રૂપે ફરીયાદીએ **આંક–૮ થી આંક–૨૬** સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. આમ, ફરીયાદવાળો **આંક–૮** વાળો તકરારી ચેક આરોપીએ ફરીયાદીને આપેલ હોવાનું તથા તે ચેક '' એકાઉન્ટ બ્લોક સિચ્યુએશન કવર્ડ ઈન ૨૧૨૫ '' નાં શેરા સહિત પરત ફરેલ હોવાની હકિકત આ કામે રજુ થયેલ **આંક–૯** વાળા રીટર્ન મેમાના પુરાવાથી ફરીયાદીએ પુરવાર કરેલ છે. વધુમાં **આંક–૮ થી આંક–૨૬**

સુધીના દસ્તાવેજી પુરાવાઓથી પણ ફરીયાદીએ પોતાની ફરીયાદ હકિકત પુરવાર કરેલ હોવાનુ જણાય છે. વધુમાં, આ કામના આરોપીને રેકર્ડ પર પુરતી તકો પોતાનો બચાવ રજુ કરવા આપેલ હોવા છતાં ફરીયાદીના રજુ પુરાવાને પડકારવા આરોપીએ આ કામે ઈરાદાપુર્વક હાજર ન રહી સદર કેસની ઈન્સાફી કાર્યવાહીને વિલંબીત કરેલ છે અને આરોપી સતત ગેરહાજર રહીને હાલના કેસની કાર્યવાહી લંબાવવાનો પ્રયત્ન કરેલ હોવાનું પણ રેકર્ડ પરથી સ્પષ્ટપણે ફલીત થાય છે. વધુમાં ધી નેગો.ઈન્સ્ટ્રુ.એકટની કલમ–૧૪૬ નો પ્રબંધ ધ્યાને લેતા પણ **આંક–૯** થી રજુ થયેલ રીટર્ન મેમા તે તકરારી ચેક રીટર્ન થયેલ હોવા અંગેનો પ્રાઈમરી પુરાવો હોય જેથી પણ **આંક–૮** વાળો ચેક '' એકાઉન્ટ બ્લોક સિચ્યુએશન કવર્ડ ઈન ૨૧૨૫ '' ના કારણે આરોપીના ખાતામાંથી વગર સ્વીકારાયે પરત ફરેલ હોવાનું પ્રથમદર્શનીય રીતે પુરવાર થાય છે. આ કામના આરોપીની ગેરહાજરીના કારણે કેસની ઈન્સાફી કાર્યવાહી વિલંબીત થઈ રહેલ હોવાથી આરોપીનો ઉલટ તપાસનો તથા વિશેષ નિવેદનનો તથા દલીલનો હકક બંધ કરવાનો હુકમ કરેલો. આમ, આરોપીએ આ કામે પોતાનો કોઈ બચાવ રજુ કરેલ ન હોવાથી ધી નેગો.ઈન્સ્ટ્રુ.એકટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ ના કાયદેસરના અનુમાનોનું ખંડન કરેલ નથી જેથી પણ ફરીયાદીના લાભમાં તે કાયદેસરના અનુમાનો અત્રેની અદાલતે કરવાના રહે છે. વધુમાં સદર કેસની સમગ્ર ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન આરોપી તેમજ આરોપીના વિ.વ.શ્રી. હાજર રહેલ નથી અને આરોપીના વિ.વ.શ્રીએ પણ ઈન્સાફી કાર્યવાહી આગળ વધારવા અત્રેની કોર્ટને કોઈ સહકાર આપેલ નથી, જેથી અત્રેની અદાલતને આરોપીની ગેરહાજરીમાં કેસની ઈન્સાફી કાર્યવાહી ચલાવી પૂર્ણ કરવાની ફરજ પડેલ. આમ, આ કામે ફરીયાદીની કાયદેસરની લેણી રકમ પેટે આરોપીએ આપેલ તકરારી ચેકની રકમ આરોપીએ ફરીયાદીને નહીં ચુકવેલાની હકિકત પુરવાર થતી હોય આરોપીએ ધી નેગો.ઈન્સ્ટ્રુ.એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ હોવાની ફરીયાદીની ફરીયાદ હકિકત નિ:શંકપણે ફરીયાદીએ પુરવાર કરેલ છે.

જેથી ઉપર મુજબની તમામ ચર્ચા તથા હકિકતો અને સંજોગો ધ્યાને લઈ મુદ્દા નં. ૧ ફરીયાદીએ પોતાના પુરાવાથી પુરવાર કરેલ હોય તેનો નિર્ણય હકારમાં આપી મુદ્દા નં.ર ના નિર્ણય અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**–:હુકમ:–**

આ કામનાં આરોપી **૧. સ્વસ્તિક ઈન્ફ્રાસ્ટ્રકચર એ નામની ભાગીદારી પેઢીના વહીવટકર્તા, આરોપી નં. ર. ધર્મેન્દ્રભાઈ ચીમનભાઈ પટેલ,** ઉ.વ. ૪૯, રહે. એ–રર, અંબિકા સોસાયટી, ટેલિફોન એક્ષેન્જની પાસે, મુ.પો. તા. પાદરા, જિ. વડોદરાનાને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના સબબ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–ર૭૮(ર) અન્વયે તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

હાલનું કામ આરોપીને સજાનાં મુદ્દે સાંભળવા માટે મુલત્વી રાખવામાં આવે છે.

હુકમ આજ રોજ **તા. ર૩ મી, માહે : એપ્રિલ, સને : ૨૦૨૬** ના રોજ વાંચી, સંભળાવી, સહી કરી, ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

| | |
|---|---|
| તા. ર૩/૦૪/ર૦ર૬<br>સ્થળ : જંબુસર | **( અમર દિનેશચંદ્ર રાવ )**<br>એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, જંબુસર.<br>કોડ નં. જી.જે. ૦૧૪૮૦ |

## -:સજા અંગે સાંભળ્યા:-

આ કામે આરોપી પોતાની સામેના કેસની સમગ્ર ટ્રાયલ દરમ્યાન ગેરહાજર રહેલ છે, આરોપીનાં વિ. વ. શ્રી જે.પી.દેસાઈનો પોકાર કરતા તેઓ પણ હાજર રહેલ નથી. જેથી આરોપીને સજા અંગે સાંભળી શકાયેલ નથી.

ફરીયાદપક્ષ તરફે ફરીયાદીના વિ.વ.શ્રી એમ.આર.પટેલનો પોકાર કરાવતા હાજર થઈ રજુઆત કરેલ છે કે, આરોપી આ કામે પ્લી રેકર્ડ થયા બાદ એકપણ મુદત હાજર રહેલ નથી અને ચેકની રકમ અંગે નામ. કોર્ટમાં દાખલ કરેલ કેસનો ન્યાયી નિર્ણય ઝડપથી ન થાય અને વિલંબિત થાય તેવા પ્રયત્નો આરોપીએ કરેલા હોય જેથી કાયદામાં ફરમાવેલી મહત્તમ સજા આરોપીને કરવા અરજ કરેલ છે.

આ કામે ફરીયાદીના વિ.વ.શ્રીએ મહત્તમ સજા કરવા રજુઆત કરેલ છે અને આરોપી સમગ્ર ટ્રાયલ દરમ્યાન હાજર રહેલ નથી અને સદર કેસ આજરોજ ચુકાદો જાહેર કરવા માટે રાખેલ હોય ત્યારે આરોપી પોતાના નવા વિ.વ.શ્રી. મારફતે હાજર થયેલ છે અને આ કામે તેઓએ ઓછામાં ઓછી સજા કરવા રજુઆત કરેલી છે. આમ ગુનાનો પ્રકાર તથા ફરીયાદપક્ષના રજુ થયેલા પુરાવા ધ્યાનમાં લેતાં આરોપી વિરુઘ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ હેઠળનો ગુનો સાબિત થયેલ છે. વળી, આજના સમયમાં આ પ્રકારના કેસો દિનપ્રતિદિન વધી રહેલાં છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટનો મુળભુત હેતુ, સમાજમાં નાણાંકીય વ્યવહારો સંબંધે પારદર્શિતા આવે અને નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ આપતા સમયે એકબીજા પ્રત્યે વિશ્વાસ અને ભરોસાની લાગણી જળવાઈ રહે, તે માટે જ આ કાયદો ઘડવામાં આવેલો છે. આ સંજોગોમાં આ ગુનાને હળવાશથી લઈ શકાય તેમ નથી. તેને ઘ્યાને લેતાં કાયદા મુજબ ચેકની રકમનો દંડનો હુકમ કરવા તથા તે રકમ ફરીયાદીને વળતર તરીકે આપવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ તેમ જણાય છે. આમ, આ કામે રેકર્ડ પર રજુ થયેલ પુરાવો ઘ્યાને લેતાં આરોપીને નહીં હળવી કે નહીં મહતમ પરંતુ તે બે વચ્ચેની સજા તથા ચેકની રકમનો દંડનો હુકમ કરવો ન્યાયોચિત જણાતુ હોય, જેથી આ કામે નીચે મુજબનો આખરી

હુકમ કરું છું.

**–:: આખરી હુકમ ::–**

૧. આ કામનાં આરોપી **૧. સ્વસ્તિક ઈન્ફ્રાસ્ટ્રકચર એ નામની ભાગીદારી પેઢીના વહીવટકર્તા આરોપી નં. ૨. ધર્મેન્દ્રભાઈ ચીમનભાઈ પટેલ,** ઉ.વ. ૪૯, રહે. એ–૨૨, અંબિકા સોસાયટી, ટેલિફોન એક્ષેન્જની પાસે, મુ.પો. તા. પાદરા, જિ. વડોદરાનાને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૮(૨) અન્વયે તકસીરવાન ઠરાવી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના સબબ–૩ (ત્રણ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે આરોપીને વાદગ્રસ્ત ચેકની રકમ રૂા. ૧૦,૦૦,૦૦૦/– (અંકે રૂપીયા દસ લાખ પુરા) પુરાનો આથી દંડનો હુકમ કરવામાં આવે છે. વધુમાં સદર દંડની રકમ ફરીયાદીને વળતર તરીકે પરત ચુકવી આપવા આથી હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ચુકવી આપવામાં કસુર કરે તો આરોપીએ વધુ–૧ (એક) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામે આરોપીનો પોકાર કરાવતા આરોપી હાજર રહેલ નથી. આરોપી ધ્વારા કેસની ઈન્સાફી કાર્યવાહી સતત ગેરહાજર રહી વિલંબિત કરેલ હોવાથી આરોપીની ગેરહાજરીમાં બી.એન.એસ.એસ.ની કલમ–૪૫૮(૨) મુજબ સદર ચુકાદો જાહેર કરવો ન્યાયોચિત જણાતુ હોય આરોપીની ગેરહાજરીમાં સદર ચુકાદો જાહેર કરવામાં આવે છે અને આરોપી વિરુધ્ધ સજા વોરંટ ઈસ્યુ કરવા તથા તેની અમલ બજવણી માટે ડી.વાય.એસ.પી.શ્રી, પાદરા, જિ. વડોદરાનાઓને મોકલવા આથી હુકમ કરવામાં આવે છે.

૩. આ હુકમની એક નકલ આરોપીને વિના મુલ્યે પુરી પાડવી.

હુકમ આજ રોજ **તા. ૨૩ મી, માહે : એપ્રિલ, સને ૨૦૨૬** ના રોજ વાંચી, સંભળાવી, સહી કરી, ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

| | |
|---|---|
| તા. ૨૩/૦૪/૨૦૨૬<br>સ્થળ : જંબુસર | **( અમર દિનેશચંદ્ર રાવ )**<br>એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, જંબુસર.<br>કોડ નં. જી.જે. ૦૧૪૮૦ |